# સુરતના ઈતિહાસમાં પહેલી વખત 42 ફૂટના શ્રીજી બિરાજમાન થશે

**હાલમાં** આ મૂર્તિ કોટસફિલ રોડ પર તૈયાર થઇ રહી છે

**આજે** શનિવારે ડીજે સાથે શોભાયાત્રા નીકળશે

ગુજરાતમિત્ર EXCLUSIVE

સુરત : સુરત દરેક તહેવારનું સાક્ષી તો બને જ છે પરંતુ દરેક ક્ષણ યાદગાર રહે તે રીતે સાક્ષી બને છે. જો કે આ ગણેશોત્સવમાં સુરત એક અનોખો ઈતિહાસ રચવા જઈ રહ્યું છે. સુરતમાં આ વખતે 42 ફૂટના મહાકાય શ્રીજી બિરાજમાન થવા જઈ રહ્યાં છે. હાલમાં આ મૂર્તિ કોટસફિલ રોડ ઉપર તૈયાર થઈ રહી છે. સંભવત આવતીકાલે શનિવારે તેની શોભાયાત્રા નીકળે તેવી પૂરેપૂરી શક્યતા છે. સૂત્રો જણાવી રહ્યાં છે કે, આ મૂર્તિની ઊંચાઈ તેની સાથેની શ્રીકૃષ્ણની અન્ય મૂર્તિને કારણે છે. તેના આગમન માટે છેલ્લા બે દિવસથી ડીજેની ટ્રકની તૈયારી ડીકેએમ હોસ્પિટલ નજીક ચાલી રહી છે. સુરતના ઈતિહાસે ક્યારેય આટલી વિશાળ મૂર્તિ જોઈ નથી. આ મૂર્તિ શહેરના ઈન્દરપુરાના ગ્રુપ દ્વારા તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. મોડી રાત્રે પણ આ મૂર્તિ જ્યાં તૈયાર થઈ રહી છે ત્યાં અનેક યુવાનો તેને જોવા આવી રહ્યાં છે. આવતી કાલે તેની શોભાયાત્રામાં મોટી સંખ્યામાં સુરતીઓ જોડાઈ તેવી પૂરેપૂરી શક્યતા છે. સુરતના દરેક ગણેશમંડળો ભક્તોનું ધ્યાન આકર્ષવા માટે નિતનવા પ્રયોગો કરે છે પરંતુ આટલો મોટો પ્રયોગ પહેલીવાર જોવા મળી રહ્યો છે. જેમ જેમ આ મૂર્તિની વાત સુરતમાં ફેલાઈ રહી છે તેમ તેમ તેની સ્થાપના પહેલા જ તેના દર્શન કરવા માટે લોકો જઈ રહ્યાં છે.

# છ તાલુકામાં 19.86 કરોડની સહાય ચૂકવાઈ

સુરતઃ જિલ્લા કલેક્ટર તેજસ પરમારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સતત સર્વે અને સહાય વિતરણ કરવામાં આવી રહ્યું છે. રાહત સહાય અંતર્ગત કેશડોલ્સ તરીકે 59,852 અસરગ્રસ્તોને રૂ.5.38 કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે. તાલુકાવાર જોવામાં આવે તો કતારગામમાં 2,503 લાભાર્થીઓને રૂ.22.52 લાખ, પુણામાં 17,552 લાભાર્થીઓને રૂ.1.57 કરોડ, મજુરામાં 5,768 લાભાર્થીઓને રૂ.51.91 લાખ અને અઠ્ઠામામાં 1,228 લાભાર્થીઓને રૂ.11 લાખની સહાય આપવામાં આવી છે. સૌથી વધુ અસરગ્રસ્ત ઉધના તાલુકામાં 29,550 લોકોને રૂ.2.66 કરોડથી વધુની કેશડોલ્સ સહાય ચૂકવવામાં આવી છે, જ્યારે અડાજણમાં 300 લાભાર્થીઓને રૂ.5 લાખની સહાય મળી છે.

### ઘરવખરીની સહાય

| તાલુકો | પરિવાર | સહાય |
|---|---|---|
| કતારગામ | 2,545 | રૂ.60.50 લાખ |
| પુણા | 8,151 | રૂ.4 કરોડ |
| મજુરા | 2,545 | રૂ.1.27 કરોડ |
| અઠ્ઠામા | 696 | રૂ.34.80 લાખ |
| ઉધના | 14,775 | રૂ.7.38 કરોડ |
| અડાજણ | 150 | રૂ.7.50 લાખ |

### કુંભારિયામાં અચાનક બેભાન થઇ જતાં યુવકનું મોત

સુરતઃ સારોલી કુંભારિયા ખાતે આવેલ વાડી વિસ્તારના ખાડી ફળિયામાં 21 વર્ષીય દેવુ મહેશભાઇ રાઠોડ માતા સહિતના પરીવાર સાથે રહેતો હતો અને છૂટક મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો.

કાલે રાત્રે દેવુ ઘરમાં હાજર હતો. ત્યારે અચાનક તે બેભાન થઇને ઢળી પડ્યો હતો. જેથી પરિવારજનો તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે લઇ ગયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે દેવુને મૃત જાહેર કર્યો હતો.

## નીટનાં પરિણામોની સાથે સાથે...

### આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સઃ 8 વિદ્યાર્થીઓએ 600થી વધુ ગુણ મેળવી જમાવ્યો દબદબો

આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સે ફરી એકવાર ઉત્કૃષ્ટ પરિણામ નોંધાવ્યું છે. ધ્રુવ કલસરિયાએ 635 ગુણ અને AIR-2848 મેળવી સંસ્થામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. પાર્થ ઉમરાવ (628), કૃણાલ સખિયા (619) અને લક્ષ રામાણી (615)એ પણ શાનદાર પ્રદર્શન કર્યું છે. સંસ્થાના કુલ 8 વિદ્યાર્થીઓએ 600થી વધુ ગુણ મેળવ્યા છે, જ્યારે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્તમ સ્કોર સાથે મેડિકલ પ્રવેશ માટે પોતાની દાવેદારી મજબૂત બનાવી છે.

### યોગી પ્રવૃત્તિ વિદ્યાલય"નું વિદ્યાર્થી સુરતમાં મોખરે

યોગી પ્રવૃત્તિ વિદ્યાલય, કતારગામ, સુરતમાં ધોરણ ૧૨ NEET 2026 ની પરીક્ષા માં સમગ્ર ભારતમાં ભિંગરાડીયા મિતાલી 641 ગુણ સાથે 184 રેન્ક પ્રાપ્ત કર્યો છે. વરીયા હેમાંશી 618, શેટા હેવીલ 616, ચૌહાણ પ્રયાંશી 601, સાથે શાળાના 4 વિદ્યાર્થીઓ 600 થી વધુ તેમજ 39 વિદ્યાર્થીઓ ૫૦૦ થી વધુ ગુણ પ્રાપ્ત કર્યા છે. વિદ્યાર્થીઓને ટ્રસ્ટી તથા મેનેજિંગ ડાયરેક્ટર ધાનાણી રાજસરે ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.

### ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલઃ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ નોંધાવ્યું શ્રેષ્ઠ પ્રદર્શન

ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ પણ ઉત્તમ પરિણામ નોંધાવ્યું છે. દિવ્ય પટેલે 600 ગુણ મેળવી સંસ્થામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. શૌર્ય પારેવડિયાએ 598 અને તનુશ્રી યાદવે 581 ગુણ મેળવ્યા છે. સ્કૂલના 20 વિદ્યાર્થીઓએ 550થી વધુ અને 40 વિદ્યાર્થીઓએ 500થી વધુ ગુણ મેળવી સંસ્થાની ગુણવત્તાસભર શૈક્ષણિક પરંપરાને આગળ વધારી છે.

### શ્રી વસિષ્ઠ વિદ્યાલયઃ 219માંથી 166 વિદ્યાર્થીઓ ક્વોલિફાઇડ

શ્રી વસિષ્ઠ વિદ્યાલયનું પરિણામ પણ નોંધપાત્ર રહ્યું છે. દર્શક મકવાણાએ 572 ગુણ સાથે સંસ્થામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. રિયા રાણપરિયા (565) અને વંશ ચૌહાણ (561)એ પણ ઉત્કૃષ્ટ ગુણ મેળવ્યા છે. કુલ 219 વિદ્યાર્થીઓમાંથી 166 વિદ્યાર્થીઓ NEET-UG 2026માં ક્વોલિફાઇડ થયા છે, જે સંસ્થાની પરિણામકેન્દ્રિત શૈક્ષણિક પદ્ધતિનું પ્રતિબિંબ છે.

### મૌની ગ્રુપ ઓફ સ્કૂલઃ ગુણવત્તાસભર માર્ગદર્શનનું પરિણામ

મૌની ગ્રુપ ઓફ સ્કૂલના વિદ્યાર્થીઓએ પણ નોંધપાત્ર સફળતા મેળવી છે. હની ગલાણીએ 530 ગુણ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે, જ્યારે સાગર આહીરે 517 ગુણ મેળવ્યા છે. સંસ્થાના 47 વિદ્યાર્થીઓમાંથી 5 વિદ્યાર્થીઓએ 500થી વધુ અને 16 વિદ્યાર્થીઓએ 400થી વધુ ગુણ મેળવી સારો દેખાવ કર્યો છે.

### પી.પી. સવાણી ગ્રુપ ઓફ સ્કૂલ્સઃ કેટેગરી રેન્કમાં રાજ્યમાં પ્રથમ સ્થાન

પી.પી. સવાણી ગ્રુપ ઓફ સ્કૂલ્સે પણ આ વર્ષે ઉત્કૃષ્ટ પરિણામ નોંધાવ્યું છે. હર્ષ ચૌહાણે 615 ગુણ સાથે ગુજરાતમાં કેટેગરી રેન્ક-1 તથા કેટેગરીમાં AIR-150 મેળવી વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. વૈભવી વસાવાએ પણ કેટેગરીમાં AIR-132 મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. સંસ્થાના 6 વિદ્યાર્થીઓએ 600થી વધુ ગુણ મેળવી મેડિકલ પ્રવેશની સ્પર્ધામાં પોતાની મજબૂત હાજરી નોંધાવી છે.



વિવાદી બનેલા નાસીરનગરમાં બનતા એપાર્ટમેન્ટ

# પાલિયા પ્રોજેક્ટના બિલ્ડરો મનપાને ગાંઠતા નથી, જોખમી બેઝમેન્ટથી રસ્તો ધસી ગયો

**મનપાએ** બે-બે નોટિસ આપી છે પરંતુ બિલ્ડરો બેફામ, ધોધમાર વરસાદ બાદ સેફ્ટી વોલ અને પતરાં તૂટી પડ્યાં

સુરત : વેડ દરવાજા નજીક નાસિક નગર વિસ્તારમાં ચાલી રહેલા એક બાંધકામ પ્રોજેક્ટમાં ગેરકાયદે બેઝમેન્ટ ખોદકામના મુદ્દે સુરત મહાનગરપાલિકાએ બે વખત નોટિસ ફટકાર્યા છતાં બિલ્ડર સામે કોઈ અસરકારક કાર્યવાહી ન થતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ભારે વરસાદ બાદ બાંધકામ સાઇટની સુરક્ષા દિવાલ અને પતરાં ધસી પડતાં આસપાસનો રસ્તો પણ જમીનમાં બેસી ગયો હોવાનું સામે આવ્યું છે. જેના કારણે અકસ્માત અને જાનહાનિની આશંકા વચ્ચે મનપાની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

માહિતી મુજબ, વેડ દરવાજા વિસ્તારમાં વોર્ડ નં. 7ની મિલકતમાં ચાલી રહેલા 'પાલિયા પ્રોજેક્ટ' માટે પરવાનગી વિના બેઝમેન્ટ ખોદકામ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ બાદ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોને સૌપ્રથમ 30 મે, 2026ના રોજ નોટિસ પાઠવી હતી. તેમાં ચોમાસાને ધ્યાનમાં રાખીને બેઝમેન્ટમાં માટીપુરાણ કરી જમીન સમતળ કરવા સૂચના આપવામાં આવી હતી. જોકે બિલ્ડર દ્વારા આ સૂચનાનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું મનપાએ જ બાદમાં નોંધ્યું હતું. ત્યારબાદ 16 જૂન, 2026ના રોજ બીજી નોટિસ ફટકારી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ 267 હેઠળ ગેરકાયદે બાંધકામ તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સાથે જ પાલિકાએ ચેતવણી આપી હતી કે આદેશનું પાલન નહીં થાય તો પોલીસની મદદથી સ્થળ ખાલી કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

જોકે સ્થાનિકોના આક્ષેપ મુજબ એક મહિના કરતાં વધુ સમય વીતી ગયો હોવા છતાં બિલ્ડર સામે કોઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી નથી. ગત 6 અને 7 જુલાઈના ભારે વરસાદ દરમિયાન બેઝમેન્ટના ઊંડા ખાડામાં વરસાદી પાણી ભરાઈ જતાં સુરક્ષા માટે બનાવવામાં આવેલી પ્રોટેક્શન વોલ અને પતરાં તૂટી પડ્યા હતા. આ સાથે જ બાંધકામની બાજુમાંથી પસાર થતો અંદાજે 7થી 8 ફૂટ જેટલો માર્ગ પણ ધસી પડ્યો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. હાલ ખાડામાં વરસાદી પાણી અને ગટરનું પાણી ભરાઈ રહેતાં દુર્ગંધ ફેલાઈ રહી છે તેમજ મચ્છરોનો ઉપદ્રવ વધ્યો હોવાનું પણ રહેવાસીઓનું કહેવું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વિસ્તારની સ્ટ્રીટ લાઇટો પણ લાંબા સમયથી બંધ હોવાથી રાત્રિના સમયે અકસ્માતનો ભય વધુ ગંભીર બન્યો છે. નજીકમાં બાળકો રમતા હોવાથી કોઈપણ સમયે મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### સુરત મનપાના સિટી ઈજનેરનો ચાર્જ મહેશ ચાવડાને અપાયો

સુરત : મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં લાંબા સમયથી ખાલી પડેલી બે મહત્વની કી-પોસ્ટ પર આખરે ઈન્ચાર્જ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. એક અઠવાડિયા અગાઉ ઈન્ચાર્જ સિટી ઈજનેર બી. આર. ભગવાગર નિવૃત્ત થયા બાદ ખાલી પડેલી સિટી ઈજનેરની જવાબદારી હવે એડિશનલ સિટી ઈજનેર મહેશ ચાવડાને સોંપવામાં આવી છે. સિટી ઈજનેરની જગ્યા મનપાના સૌથી મહત્વના હોદ્દાઓમાંની એક ગણાય છે. શહેરના માર્ગો, ડ્રેનેજ, બ્રિજ, બાંધકામ સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું આયોજન અને અમલીકરણ આ વિભાગ હેઠળ આવતું હોવાથી છેલ્લા એક અઠવાડિયાથી આ જગ્યા ખાલી રહેતા વહીવટી કામગીરી પર અસર પડતી હોવાનું ચર્ચાતું હતું. બીજી તરફ, મનપાની વધુ એક મહત્વપૂર્ણ પોસ્ટ ચીફ એકાઉન્ટન્ટ તરીકે ડેપ્યુટી એકાઉન્ટન્ટ જીજ્ઞેશ પટેલને ઈન્ચાર્જ ચીફ એકાઉન્ટન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે બે વર્ષ અગાઉ તત્કાલીન ચીફ એકાઉન્ટન્ટ તેજસ આરીવાલા એસીબીના ટ્રેપમાં ઝડપાયા બાદથી આ હોદ્દા પર કાયમી નિમણુંક કરવામાં આવી નથી. પરિણામે છેલ્લા બે વર્ષથી ઈન્ચાર્જ વ્યવસ્થાથી જ વિભાગનું સંચાલન થઈ રહ્યું છે. જીજ્ઞેશ પટેલ સતત ચોથા ઈન્ચાર્જ ચીફ એકાઉન્ટન્ટ બન્યા છે.

# સુરતમાં આઠ કલાકમાં તૈયાર થયો દેશનો પહેલો અંડરપાસ

**ટ્રેક** કાપ્યો, ખાડો ખોદ્યો અને પલક ઝપકાવતા જ કમાન આકારની આધુનિક સ્ટીલ ટનલ ફિટ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નવો ઈતિહાસ લખ્યો



### ટ્રેક કાપી, ખાડો ખોદી 8 કલાકમાં કામગીરી

ડીઆરએમ પંકજ સિંહે જણાવ્યું કે, એન્જિનિયરોની ટીમે ચાલુ ટ્રેકમાંથી બરાબર 10 મીટરનો આખો રેલવે ટ્રેક કાપીને ત્યાંથી હટાવી દીધો હતો. ત્યારબાદ જેસીબી અને આધુનિક મશીનરી વડે ગણતરીની મિનિટોમાં મોટો ખાડો તૈયાર કરવામાં આવ્યો અને ક્રેનની મદદથી પહેલાથી તૈયાર રાખેલી ગોળાકાર સ્ટીલની ટનલને જમીનની અંદર બનાવેલા મજબૂત કોંક્રિટ ફાઉન્ડેશન પર સીધી ફિટ (લોક) કરી દેવાઈ હતી. ટનલ બેસાડ્યા બાદ તુરંત જ ખાડો પૂરીને રેલવે ટ્રેકને ફરીથી જોડી દેવામાં આવ્યો હતો.

સુરતઃ ભારતીય રેલવેએ મુસાફરોની સુરક્ષા અને આધુનિક નિર્માણ ટેકનોલોજીની દિશામાં એક નવું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. પશ્ચિમ રેલવેના મુંબઈ મંડળ હેઠળના ઉધનામાં પહેલીવાર 'કોરુગેટેડ સ્ટીલ આર્ક' ટેકનોલોજીથી પદયાત્રીઓ માટે સબવે તૈયાર કરવામાં આવ્યો છે. રેલવે બોર્ડના નિર્દેશ પર એલ એન્ડ ટી દ્વારા આ પ્રોજેક્ટ માત્ર 8 કલાકમાં જ પૂર્ણ કરી દેવામાં આવ્યો હતો.

વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો.

મુંબઈ ડિવિઝનના ડીઆરએમ પંકજ સિંહે જણાવ્યું કે, આ સબવે માત્ર પદયાત્રીઓ માટે બનાવવામાં આવ્યો છે. ઉધનાની બાયપાસ લાઈન પર લોકોને ટ્રેક ઓળંગવો પડતો હતો, જ્યાં વળાંકવાળા ટ્રેક અને મર્યાદિત વિઝિબિલિટી (ઓછું દેખાવાના) કારણે અકસ્માતનો ખતરો રહેતો હતો.

અત્યાર સુધી ભારતીય રેલવેમાં પગપાળા ચાલનારા કે ટુ-વ્હીલર ચાલકો માટે જ્યારે પણ રેલવે લાઈનની નીચેથી અંડરપાસ બનાવવાનો હોય, ત્યારે મુખ્યત્વે બે પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ થતો હતો. જેમાં પ્રથમ પદ્ધતિ 'કટ એન્ડ કવર' છે અને બીજી પદ્ધતિ કોંક્રિટના ભારેખમ બોક્સને હાઈડ્રોલિક જેક દ્વારા ટ્રેકની નીચે પુશ કરવાની છે જેને 'બોક્સ પુશિંગ ટેકનોલોજી' કહેવાય છે. આ બંને જૂની પદ્ધતિઓમાં ટ્રેક સુરક્ષિત રાખવા માટે રિલીવિંગ ગર્ડર્સ નાખવા પડતા અને જમીનની અંદર લાંબા સમય સુધી ખોદકામ કરવું પડતું હતું. આ પ્રક્રિયામાં મહિનાઓનો સમય બગડતો, કરોડો રૂપિયાનો ધૂમાડો થતો અને મુસાફરો તેમજ ટ્રેન વ્યવહારને અસુવિધા ભોગવવી પડતી હતી.

# શેર ટ્રેડિંગમાં નફાની લાલચે વેપારી સાથે ઠગાઈ કરનાર ગેંગના પાંચ ઝડપાયા

**એક** જ ખાતામાં રૂપિયા 6.53 કરોડના શંકાસ્પદ વ્યવહારો, દેશભરમાં 149 ફરિયાદ

સુરત : ઉધનામાં રહેતા 37 વર્ષીય શાહનવાજ ઈસ્માઈલ જોહરીને શેર માર્કેટ ટ્રેડિંગમાં મોટા નફાની લાલચ આપી રૂપિયા 26.20 લાખની સાયબર ઠગાઈ આચરનાર આંતરરાજ્ય ગેંગના પાંચ સાગરીતોને સુરત સાયબર ક્રાઈમ પોલીસે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાંથી ઝડપી પાડ્યા છે. પોલીસ તપાસમાં આરોપીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલા બેંક ખાતામાં એક વર્ષ દરમિયાન રૂપિયા 6.53 કરોડથી વધુના શંકાસ્પદ વ્યવહારો થયા હોવાનું તેમજ તે ખાતા સામે દેશભરમાં 149 ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ઉધનાના પટેલ નગરમાં રહેતા ૩૭ વર્ષીય શાહનવાજ ઈસ્માઈલ જોહરી ગત તા. ૦૯/૦૬/૨૦૨૫ ના રોજ તેમનો વોટ્સએપ મોબાઈલ ચેક કરી રહ્યા હતા, ત્યારે અચાનક તેઓ એક અજાણ્યા વોટ્સએપ ગ્રુપ 'Source of wealth J' માં એડ થઈ ગયા હતા.

ગ્રૂપમાં શેર માર્કેટ ટ્રેડિંગની ટિપ્સ આપી, પોતાની એપ્લિકેશન દ્વારા ટ્રેડિંગ કરવાથી અધધ નફો મળશે તેવી લાલચ આપી હતી. ત્યારબાદ એક નકલી (બનાવટી) વેબસાઈટની લિંક મોકલી ત્યાં શાહનવાજનું આઈડી ક્રિએટ કરાવ્યું હતું. રોકાણના બહાને શાહનવાજ પાસેથી અલગ-અલગ બેંક ખાતાઓ કુલ રૂપિયા ૨૬,૨૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી લઈ પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હતો. છેતરાયાનો અહેસાસ થતાં ફરિયાદીએ તુરંત સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો. સુરત સાયબર ક્રાઈમ પોલીસે આ અંગે ગુનો નોંધી સાયબર સેલની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટેક્નિકલ વિશ્લેષણ, બેંક ટ્રાન્ઝેક્શનની નાણાકીય ટ્રેઈલ, ડિજિટલ પુરાવા અને આંતરરાજ્ય સંકલન સાધીને પોલીસની ટીમ ઓડિશા અને પશ્ચિમ બંગાળના આ ભેજાબાજો સુધી પહોંચવામાં સફળ રહી હતી. પોલીસે તપાસ દરમિયાન રંજન ઉર્ફે સુનીલ પુરણ બખલારી (ઉ.વ. ૩૩, રહે. ઓડિશા), કૃષ્ણા કુંભાર ઉર્ફે હરિકિશન ગજેન્દ્ર કુંભાર (ઉ.વ. ૫૪, રહે. ઓડિશા), સુબાસચંદ દયામનિધિ રાઉલો (ઉ.વ. ૫૨, રહે. ઓડિશા), એસ.કે. આલમગીર અનામોતઅલી (ઉ.વ. ૪૧, રહે. પશ્ચિમ બંગાળ) અને બસંતસિંહ ઉર્ફે સિંહસર ઉર્ફે બિગબોસ સજીતસિંહ (ઉ.વ. ૪૫, રહે. પશ્ચિમ બંગાળ)ને પકડી પાડ્યા છે.

### નાસીરનગરના વિવાદી ડિમોલિશનમાં અસરગ્રસ્તોને આવાસ આપવા કવાયત

સુરતઃ નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં ગુજરાત હાઈકોર્ટના કડક વલણ અને પીડિત પરિવારો દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશન બાદ સુરત મનપા તંત્રમાં ભારે દોડધામ શરૂ થઈ છે. પાલિકાના એફોર્ડેબલ હાઉસિંગ વિભાગે અલગ-અલગ ઝોનમાં ટીમો બનાવીને શહેરના વિવિધ વિસ્તારોમાં ખાલી પડેલા આવાસોનો ડેટાબેઝ તૈયાર કર્યો છે. આ પ્રાથમિક સર્વે દરમિયાન ગોતાલાવાડી ટેનામેન્ટમાં અંદાજે ૧૩૦ અને અલથાણ ટેનામેન્ટમાં આશરે ૨૬૦ મકાનો ખાલી હોવાનું સામે આવ્યું છે. આમ, પાલિકા પાસે હાલ કુલ ૩૯૦ જેટલા ખાલી આવાસોનો વિકલ્પ ઉપલબ્ધ થયો છે. સરકારની નીતિ અને નિયત નિયમો મુજબ યોગ્ય પ્રક્રિયા પૂર્ણ કરીને આ આવાસો અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક ફાળવી શકાય તે માટે કાયદાકીય અને વહીવટી મંજૂરી મેળવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા રવિવારે વરસાદી કવિ સંમેલન યોજાશે

સુરતઃ રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા તા. ૧૯ જુલાઈ, ૨૦૨૬ ને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે વરસાદી કવિ સંમેલન 'અઢી અક્ષરનું ચોમાસું'નું આયોજન વજુભાઈ ટાંક હોલ, ઉગમણો મહોલ્લો, શાહપોર, સુરત મુકામે કરવામાં આવ્યુંછે. જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજેશભાઈ રાણા (ચેરમેન, સાંસ્કૃતિક સમિતિ, સુરત મહાનગરપાલિકા)ઉપસ્થિત રહેશે. કવિ સંમેલનમાં નામાંકિત કવિઓ કિરણસિંહ ચૌહાણ, પ્રજ્ઞા વશી, ગૌરાંગ ઠાકર, ડો. વિવેક ટેલર, ડો. હરીશ ઠક્કર, સુરેશ વિરાણી, પ્રકાશ પરમાર, પ્રશાંત સોમાણી, પૂર્ણિમા ભટ્ટ,વિરલ વ્યાસ,જીગીશા દેસાઈ, સંગીતા ચૌહાણ, ચેતના ગોસ્વામી, આસીફખાન આસીર, મયુર કોલડિયા, હેમંત મદ્રાસી, ગિરીશ પોપટ, ડો. સેજલ દેસાઈ, તૃપ્તિ કુબાવત, કમલેશ શુક્લ, વિપુલ માંગરોલિયા, મિત્ર રાઠોડ, સપન પાઠક, નીતેશ ટાંક, શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર, કિશન રાઠોડ વર્ષાઋતુના મહોલને જીવંત કરશે. યામિની વ્યાસ વરસાદી કવિ સંમેલનનું સંચાલન કરશે.

### ઔરો યુનિ.ના FOL-2026માં બીજા દિવસે નિષ્ણાંતોનો વિદ્યાર્થીઓ સાથે સંવાદ



સુરતઃ ઔરો યુનિવર્સિટીના ફેસ્ટિવલ ઓફ લર્નિંગ-2026ના બીજા દિવસે નવા પ્રવેશિત વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન, ઉદ્યોગજગતના નિષ્ણાતો સાથે સંવાદ અને અનુભૂતિ આધારિત શિક્ષણનો અનોખો અનુભવ મળ્યો હતો. AURO Hotelsના વાઇસ પ્રેસિડેન્ટ (ઓપરેશન્સ) અમિત મહેતાએ 'From Classroom to Career: Your Hospitality Journey Begins' વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. દિવસ દરમિયાન વિવિધ સત્રો યોજાયા હતા. જેમાં વિવિધ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ દ્વારા નિષ્ણાંતો પાસેથી માહિતી મેળવવામાં આવી હતી. AURO Sports Utsav દ્વારા રમતગમતને પણ ઓરિયન્ટેશનનો અભિન્ન ભાગ બનાવવામાં આવ્યો હતો. અંતે વિવિધ સ્કૂલોના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ફ્લેશ મોબમાં ભાગ લીધો હતો.

### ચેક બાઉન્સ કેસમાં ટ્રાયલ કોર્ટે વેપારીને કરેલી સજા સેશન્સ કોર્ટે રદ કરી

સુરતઃ ચેક બાઉન્સના કેસમાં ટ્રાયલ કોર્ટના દોષિત ઠેરવતા ચુકાદાને રદ કરીને આરોપી દેશારામ ઉર્ફે દિનેશભાઈ ભોમારામ મેઘવાલને સેશન્સ કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો. કતારગામની મંજુલાબેન મહેશકુમાર શાહે આરોપી સામે કરેલી રૂ. 1,28,777ની રકમના ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટે આરોપીને એક વર્ષની સજા કરી હતી જેની સામે આરોપીએ એડવોકેટ પ્રકાશ ડાભી મારફતે સેશન્સ કોર્ટમાં અપીલ કરતાં કોર્ટે બન્ને પક્ષની દલીલો અને રજુ થયેલા પુરાવાને ધ્યાને રાખી આરોપીને ટ્રાયલ કોર્ટે ફટકારેલી સજા રદ કરી હતી.

### જીવનનાં ક્ષેત્રે સુખ અને દુઃખની માત્રા નક્કી કરવી જોઇએ: પદ્મદર્શનસૂરિજી



સુરતઃ નવી ચાલ સ્થિત શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે પ્રવચનધારા વહાવતા કહ્યું હતું કે, સુખનો તીવ્ર રાગ અને દુઃખનો તીવ્ર દ્વેષ એજ સંસારનું મૂળ છે. સંસારનું ચાલકબળ રાગ અને દ્વેષ છે. સુખ એ કોઇ ખરાબ ચીજ નથી. કોઇપણ માણસ સુખ વિના જીવી ન શકે. સુખની માત્રા નક્કી કરવી પડે. બાળકને દવાનો જે ડોઝ ડોક્ટર આપતો હોય તેજ ડોઝ મોટાઓને નથી આપતો. એમાં વધારો કરવો પડે. જીવનનાં ક્ષેત્રે સુખ અને દુઃખની માત્રા નક્કી કરવી જોઇએ. અત્યારે જે પણ સંઘર્ષો અને સંકલેશો સંસારમાં ચાલી રહ્યા છે તેમા મૂળમાં અતિ સુખ અને અતિ દુઃખ છે. અતિ સુખ માણસને પાગલ અને પાપી બનાવી દે છે. સુખમાં લંપટ બનેલાઓ ક્યું પાપ નથી કરતા તે સવાલ છે.

# મચ્છરજન્ય રોગો માટે 10.43 લાખ ઘરોનો સરવે, 3.25 લાખનો દંડ

**848** બાંધકામની તપાસમાં 970 બ્રિડિંગ સ્પોટનો નાશ, 88 જવાબદાર સામે કાર્યવાહી

**પૂરગ્રસ્ત** વિસ્તારોમાં 1,04,091થી વધુ ઘરમાં ફોગિંગ

સુરતઃ ચોમાસામાં મચ્છરજન્ય રોગોને નિયંત્રણમાં રાખવા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગે 1 જુલાઈથી 15 જુલાઈ દરમિયાન શહેરવ્યાપી વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી. દરમિયાન 10.43 લાખથી વધુ ઘરોનું સર્વેક્ષણ, રૂ.32.40 લાખથી વધુ સંભવિત મચ્છર બ્રિડિંગ સ્પોટની તપાસ અને 12,490 બ્રિડિંગ સ્પોટનો નાશ કરવામાં આવ્યો હતો. બાંધકામ સાઈટ્સ તેમજ રહેણાક વિસ્તારોમાં નિયમોના ભંગ બદલ કુલ રૂ.3.25 લાખથી વધુ વહીવટી ખર્ચ પણ વસૂલવામાં આવ્યો છે.

મનપા દ્વારા વિવિધ ઝોનમાં કુલ 848 નાનાં-મોટાં બાંધકામોની તપાસ દરમિયાન 970 મચ્છરનાં બ્રિડિંગ સ્થળો મળી આવતાં તેનો તાત્કાલિક નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરી દરમિયાન 120 નોટિસ ફટકારી 88 જવાબદાર વ્યક્તિઓ પાસેથી રૂ.2,35,700નો વહીવટી ખર્ચ વસૂલાયો હતો. ઉપરાંત શહેરમાં ઈન્ટ્રા-ડોમેસ્ટિક સરવે અંતર્ગત 10,43,251 ઘરમાં તપાસ હાથ ધરાઈ હતી. દરમિયાન 32,40,699 સ્થળની તપાસમાં 12,490 સ્થળે મચ્છરનું બ્રિડિંગ મળી આવતાં તેનો નાશ કરવામાં આવ્યો હતો. નિયમોના ભંગ બદલ 1,643 નોટિસ આપી રૂ.89,500નો વહીવટી ખર્ચ વસૂલવામાં આવ્યો હતો.

### કાર્યવાહી કરાયેલી મુખ્ય બાંધકામ સાઇટ્સ

- **સેન્ટ્રલ ઝોન :** અનાવિલશ્રી બાંધકામ, સલાબતપુરા રૂ. 4,500 દંડ
- **વેસ્ટ ઝોન :** શ્યામ એલિગન્સ રૂ.4,000 દંડ
- **સાઉથ-એ ઝોન :** દીપનગર(5,000 દંડ), ઓમ ગ્રુપ(10,000 દંડ)
- **સાઉથ-બી ઝોન :** ઈશ્વરનગર, જય અંબે નગર દંડ 4,000
- **સાઉથ-ઈસ્ટ ઝોન :** મહાપ્રભુનગર, મઝદા પાર્ક દંડ 6,200
- **સાઉથ-વેસ્ટ ઝોન :** એન્ટીલિયા ડ્રીમ દંડ 5,000
- **સાઉથ-વેસ્ટ ઝોન :** અવધ ક્લાસીમા દંડ 5,000
- **નોર્થ ઝોન :** મલબારી બંગ્લોઝ, સ્કાય લક્ઝુરિયા રૂ.7,500 દંડ
- **ઈસ્ટ-એ ઝોન :** મહેક ડાયમંડ(12,000 દંડ), ગાયત્રીનગર-2 (22,000 દંડ), નવકાર હેવન (22,000 દંડ), રોયલ એથિક, પ્રતિષ્ઠા ડેવલોપર (દંડ 10,000)

### પાડોશી મહિલાનો કાન કાપી નાંખનાર દંપતીની ધરપકડ

સુરતઃ ડિંડોલીની લક્ષ્મીનારાયણ-૨ સોસાયટીમાં રહેતા રજનીશકુમાર રાજમંગલ સીંગે (ઉ.વ.૪૦) તેમને કોઈ કારણ વગર ગાળો ભાંડી હતી. આ બાબતે પ્રતાપભાઈ સમજાવવા જતાં રજનીશે તેમની સાથે પણ ઝઘડો કર્યો હતો. ત્યારબાદ રજનીશની પત્ની કંચનકુમારી (ઉ.વ.૨૯) વધુ ઉશ્કેરાઈ હતી. તેણે ઘરની બહાર આવી બૂમો પાડી રેશમાબેનને ઉશ્કેર્યા હતા. રેશમાબેન નીચે વાત કરવા જતાં જ કંચનકુમારીએ તેમના પર હુમલો કરી જમણા કાન પર જોરદાર બચકું ભરી લીધું હતું અને અડધો કાન કાપી નાખ્યો હતો. ડિંડોલી પોલીસે પ્રતાપભાઈની ફરિયાદ પરથી ગુનો નોંધી ત્વરિત એક્શન લીધા હતા અને રજનીશકુમાર રાજમંગલ સીંગ (ઉ.વ.૪૦, ધંધો-ડ્રાઈવિંગ) અને કંચનકુમારી રજનીશકુમાર સીંગ(ઉ.વ.૨૯, ધંધો-ઘરકામ) (બંને રહે.લક્ષ્મીનારાયણ-૦૨, સાંઈ પોઈન્ટ પાસે, ડીંડોલી મૂળ બારાડીગામ, થાના રૂનીશેતપુર, જિ. સીતામઢી, બિહાર)ની ધરપકડ કરી હતી.

# હનીટ્રેપમાં પ્રવીણ ભાલાળાની સવા વર્ષ બાદ ધરપકડ

**આગોતરા** લઈ હાજર વરાછા પોલીસ સ્ટેશનમાં હાજર થતાં એરેસ્ટ કરવામાં આવ્યો



સુરતઃ યોગી ચોકના વેપારીને હનીટ્રેપમાં ફસાવી 14 લાખ પડાવવાના કેસમાં પ્રવીણ ભાલાળા ની વરાછા પોલીસે ધરપકડ કરી છે. ભાલાળા સવા વર્ષ બાદ આગોતરા જામીન સાથે હાજર થતા પોલીસે તેની ધરપકડ કરી છે. આરોપી અગાઉ ૬.૧૯ કરોડના સાયબર ફ્રોડ કેસમાં ચર્ચામાં આવ્યો હતો. આ ગુનામાં અગાઉ વેપારીને હનીટ્રેપમાં ફસાવનાર યુવતી પોલીસના હાથે લાગી ચૂકી છે.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ,વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન સુરત લેસપટ્ટી એસોસિએશનની સ્થાપના સમયે પ્રવીણ ભાલાળા પ્રમુખ બન્યો હતો. તે દરમિયાન યોગીચોકના વેપારી હિતેશ બોરડ સાથે તેની મિત્રતા થઈ હતી. બાદમાં ઓગસ્ટ, ૨૦૧૫માં હિતેશે નવી કાર ખરીદ્યા બાદ લોન એજન્ટ તરીકે ઓળખ આપનારી એક અજાણી યુવતીનો સંપર્ક થયો હતો. યુવતીએ અશ્લીલ વીડિયો મોકલી હનીટ્રેપની જાળ બિછાવી હતી. આ અંગે હિતેશે મિત્ર પ્રવીણને જાણ કરતાં તેણે મદદ કરવાના બહાને સમગ્ર કાવતરાને અંજામ આપ્યો હતો.

પછી નકલી સબ-ઈન્સ્પેક્ટરના નામે ફોન કરાવી વેપારીને ગંભીર ગુનામાં ફસાવવાની ધમકી આપવામાં આવી હતી. પ્રવીણ ભાલાળા વચેટિયો બની કેસ રફાદફા કરાવવાના બહાને વેપારી પાસેથી રૂ. ૧૪ લાખ પડાવ્યા હતા. એટલું જ નહીં, ડિજિટલ પુરાવા નાશ કરવા વેપારીનો ફોન ફોરમેટ હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે.